## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




જો હું નહતો કહેતો... કોરોના કોઈપણને થઈ શકે... મોદીજીના હેરડ્રેસરને થયો લાગે છે...

# ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર દ્વારા અમદાવાદની કંપની સામે છેતરપિંડીની ફરીયાદ

ગાંધીનગર, તા.૩

શહેરના સેકટર-૧૧ ખાતે એમ.એસ. બિલ્ડીંગના છઠ્ઠા માળે આવેલી ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર (જીબીઆરસી) દ્વારા અમદાવાદની કંપની સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે. જેમાં રૂ.૭૧ લાખનું ફરમેન્ટર મશીન હલકી કક્ષાનું આપી સેવાઓ પુરી નહી પાડી હોવાનો આક્ષેપ કરાયો છે. જયારે બંધ રહેલા મશીનથી સરકારને આર્થિક તેમજ સંશોધન કાર્યમાં નુકશાન પહોંચ્યું હોવાથી સેકટર-૭ પોલીસ મથકે કંપની માલિક સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કર્યો છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરમાં એકાઉન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતા કુલદિપસિંહ રાજેન્દ્રસિંહ ઝાલાએ ફરીયાદ નોંધાવી છે. તે મુજબ વર્ષ ૨૦૧૬ માં વટવા જીઆઈડીસી ખાતે આવેલી બોયોકેર પ્રાઈવેટ લિ.કંપની પાસેથી જીબીઆરસીએ ફરમેન્ટર મશીન રૂ.૭૧ લાખમાં ખરીદ્યું હતું. મશીનની ખરીદી સમયે ટેન્ડરની શરતો મુજબ ત્રણ વર્ષની વોરંટી અને ૨ વર્ષનું એન્યુઅલ મેન્ટેનસ કોન્ટ્રાકટ કરાયો હતો. મશીનના રૂપીયા કંપનીને ચુકવી દેવાયા હતા. પરંતુ કંપનીએ મશીનના ઈન્સ્ટોલેશનમાં ૧ વર્ષ જેટલો લાંબો સમય લગાડ્યો હતો. જીબીઆરસી દ્વારા મશીનનો પાસવર્ડ માંગતા તે ખોટો આપવામાં આવ્યો હતો. તેમજ મશીનના કેટલાક સ્પેરપાર્ટસ પણ હલકી ગુણવતાના હોવાનો આક્ષેપ કરાયો છે. જીબીઆરસી દ્વારા વારંવાર મશીન અંગે રજુઆત કરવા છતા કંપની તરફથી કોઈ હકારાત્મક પ્રતિભાવ મળ્યો ન હતો.મશીનથી સુક્ષ્મ જીવાણુ તેમજ તેની ઉપજ મોટા પાયે બનાવી શકાય છે. જો કે મશીનના ઈન્સ્ટોલેશનમાં એક વર્ષનો સમય લાગતા સરકારના સંશોધનમાં નુકશાન પહોંચ્યું છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લાના જમીન-સુધારણા શાખાના નાયબ કલેક્ટર ઝાલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલેક્ટર ઓફિસમાં બીજા ડે. કલેક્ટરનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૮૨ કન્ટેનમેન્ટ ઝોનમાં ૨૯૦૦થી વધુ મકાનોને આવરી લેવામાં આવ્યા છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ કન્ટેનમેન્ટ ઝોન ગાંધીનગરમાં આ પછી કલોલ અને દહેગામ-માણસામાં આવેલા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે સતત એક સપ્તાહથી કોરોના સંક્રમિત દર્દીઓ કરતા કોરોનામુક્ત થનાર દર્દીની સંખ્યા વધુ રહી છે.
- રાજ્યપાલશ્રીના પ્રેસ સચિવ અને નાયબ માહિતી નિયામક જયેશભાઈ દવેનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે આરકામાં દાખલ કરવામાં આવ્યા છે.

# કુમાર આર્ટસ ફાઉન્ડેશનનો ત્રીજો વાર્ષિક એવોર્ડ્સ સમારંભ-૨૦૨૦ યોજાશે

### નિબંધ કેટેગરીમાં ડો ભોળાભાઈ પટેલ એવોર્ડ માટે ગાંધીનગરના સર્જક અને માહિતી ખાતાના ઉચ્ચ અધિકારી એવા પુલક ત્રિવેદીના 'ટૂંકું ને ટચ' પુસ્તકની પસંદગી

કુમાર આર્ટસ ફાઉન્ડેશન દ્વારા તેના ત્રીજા વાર્ષિક એવોર્ડ્સ સમારંભ-૨૦૨૦નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ એવોર્ડ્સ વિતરણ કાર્યક્રમ ગુજરાતી સિનેજગત અને અસંખ્ય ઉમદા સિરિઅલ્સના જાજરમાન અભિનેત્રી કૂંપળ દવેની ઉપસ્થિતિમાં તેમજ પ્રખ્યાત લોકકલાકાર નિર્મલદાન ગઢવીની વિશેષ ઉપસ્થિતિમાં ટૂંક સમયમાં દબદબાભેર યોજાશે. સમારોહમાં નિબંધ માટેનો ડૉ ભોળાભાઈ પટેલ એવોર્ડ ગાંધીનગરના સર્જક પુલક ત્રિવેદીને તેમના 'ટૂંકું ને ટચ' પુસ્તક માટે એનાયત થશે.

વાર્ષિક એવોર્ડ્સ સમારંભ-૨૦માં લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર રઘુવીરભાઈ ચૌધરીને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ, ગીત-ગઝલ માટેનો ચિનુ મોદી એવોર્ડ કવયિત્રી લક્ષ્મી ડોબરિયાને તેમના 'છાપ અલગ મેં છોડી ગીતસંગ્રહ' માટે,



છાંદસ અછાંદસ કવિતા માટેનો ડૉ. અનામી એવોર્ડ દિનેશ કાનાણીને તેમના કાવ્યસંગ્રહ 'વરસાદનાં ૧૭૧ કાવ્યો' માટે, ટૂંકી વાર્તા માટેનો ર.વ.દેસાઈ એવોર્ડ વિજય સોનીને 'વૃદ્ધ રંગાટી બજા'' માટે, નવલકથા માટેનો દર્શક એવોર્ડ ડૉ. નિમિત્ત ઓઝાને 'ક્રોમોઝોમ' માટે, નિબંધ માટેનો ડૉ ભોળાભાઈ પટેલ એવોર્ડ પુલક ત્રિવેદીને 'ટૂંકું ને ટચ' માટે, આત્મકથા-જીવનચરિત્ર માટેનો કિસનસિંહ ચાવડા એવોર્ડ સંધ્યા ભટ્ટને 'હું હતો ત્યારે' માટે, નાટક-એકાંકી માટેનો શ્રી ચં ચી. મહેતા એવોર્ડ સતીશ વ્યાસને 'અરણ્ય' માટે, બાળ સાહિત્ય માટેનો શ્રી રમણલાલ નાનાલાલ એવોર્ડ 'અબુ-ગબુ-લબુ-ઢબુ'ને, વિવેચન માટેનો સુરેશ જોષી એવોર્ડ દક્ષા વ્યાસને 'અનુબંધ' માટે, સંશોધન માટેનો ડો ભોગીલાલ સાંડેસરા એવોર્ડ જવાહર બક્ષીને 'નરસિંહ મહેતાની કવિતામાં આધ્યાત્મિકતા'ને માટે, લોક સાહિત્ય માટેનો શ્રી પુષ્કર ચંદરવાકર એવોર્ડ ડૉ ભગવાનદાસ પટેલને 'ભીલ- આદિવાસી મૌખિક આખ્યાન ખંડ ૧-૨' માટે એનાયત કરવામાં આવશે.

# સફાઈના બિલોમાં તમે કોઈના દબાણ હેઠળ ભ્રષ્ટાચારને પોષી રહ્યા છો : પિન્કી પટેલ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગર પાલિકામાં ભ્રષ્ટાચારને આપ જાણી બુઝી ચાલવા દો છો અથવા કોઈના દબાણમાં આવી તમે આંખ આડા કાન કરી રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ કોંગ્રેસના કાઉન્સીલર પિન્કીબેન પટેલે કમિશનર સામે કર્યો છે.

ગાંધીનગર મનપાના કમિશનરને લખેલા પત્રમાં આ આક્ષેપ કરતાં તેમણે જણાવ્યુ છે કે અત્રે બે મહિના પહેલાં સફાઈની કામગીરીમાં ચાલતા અંધેર સામે પત્ર લખી જાણ કરી હતી પરંતુ આપે તેનો પ્રત્યુત્તર આપવાની તસ્દી લીધી નથી બીજી તરફ સત્તાધારી પક્ષના કાઉન્સીલરો દ્વારા આ અંગેના બિલો રજુ કરી રહ્યા છે અને તેનુ ચુકવણુ પણ કરવામાં આવી રહ્યુ છે તે જ બતાવે છે કે આપ કોઈકના દબાણ હેઠળ ભ્રષ્ટાચારને સાંખી રહ્યા છે. તમે તટસ્થ રહી શક્યા નથી.

શ્રીમતિ પિન્કી પટેલે પાઠવેલા પત્રમાં જણાવ્યુ છે કે આપે પ્રજાહિતમાં કામ કરવુ જોઈએ જો તમે આમ નહિ કરો તો અમારે ના છુટકે વીજીલન્સ કમિશનરશ્રીને ફરિયાદ કરવાની ફરજ પડશે.

તેમણે જણાવ્યુ છે કે ગાંધીનગર મહાનગરપાલીકાના દરેક કાઉન્સીલરને ૧.૫૦ લાખ આપવામાં આવેલ છે જે મુજબ વોર્ડમાં રૂ. ૬ લાખ થાય છે તો જે કાઉન્સીલરો દ્વારા સફાઈની કામગીરી કરાવી આ બીલો મુકી દીધા છે તેમને હવે ગાંધીનગર મનપાની કોઈ પણ પ્રકારની મશીનરી સફાઈ બાબતે આપવી નહી જો આમ કરવામાં આવશે તો આપ આ બાબતે ગંભીર નથી અને આ ભ્રષ્ટ્રાચાર આપના ઉદાર નીતિના કારણે જ થાય છે.

વધુમાં જણાવવાનું કે આ બાબતને ધ્યાને લઈ તાત્કાલિક પ્રજાના હિતમાં નિર્ણય લઈ દરેક વોર્ડમાં જો જેસીબી કે ટ્રેક્ટર આપવામાં આવે તો તેની લોગબુકમાં નોંધ રાખી કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી કાપી લેવા જોઈએ જેથી ગાંધીનગર મહાનગરપાલીકાના નાણાંનો દુરઉપયોગ રોકી શકાય. અમો આપને આ બાબતે વારંવાર રજુઆતો કરી હોવા છતાં કોઈ જ પ્રકાર રોક આપના દ્વારા લગાવામાં નહી આવે તો વીજીલન્સ કમિશનરશ્રીને ફરિયાદ કરવાની ફરજ પડશે.

# નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના બે દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૩

"ફોરેન્સિક સાયન્સની ભૂમિકા માત્ર અપરાધોની તપાસ કરવાની જ નથી પરંતુ અપરાધોને રોકવા સાથે માનવ સુરક્ષા અને માનવ બચાવની પણ છે. રાષ્ટ્રીય ન્યાયાલિક વિજ્ઞાન વિશ્વ વિદ્યાલય-એનએફએસયુએ વિશ્વની પહેલુ અને એક માત્ર વિશ્વ વિદ્યાલય છે જે વૈશ્વિકસ્તરનું શિક્ષણ પ્રશિક્ષણ, અનુસંધાન, પરામર્શ તેમજ વિદ્યાર્થીઓને ઉજ્જવળ તકો ઉપલબ્ધ કરાવે છે. ફોરેન્સિક વિજ્ઞાનના જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ કરવાની સાથે અપરાધનો ઉકેલ તેમજ અપરાધ નિવારણ સાથે રાષ્ટ્રસેવા કરકવાનો વિશેષ સંતોષ આપે છે." આ વાત નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. જે.એમ. વ્યાસે સોમવારે યુનિવર્સિટીના બે દિવસીય વર્ચ્યુઅલ ઓરિએન્ટેશન કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે કરી હતી.

ડૉ. જે.એમ. વ્યાસે જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૦૯ માં તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના સાથે દૂરંદેશી દર્શાવી હતી. છેલ્લા ૧૦ વર્ષમાં આ યુનિવર્સિટીના સફળ મોડેલ બનવાને કારણે ગત ઓક્ટોબર માસમાં તેની નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી તરીકે ઉન્નતી કરવામાં આવી છે. જેને ભારતના કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા માન્યતા આપી દેવામાં આવી છે. આ યુનિવર્સિટીના કેમ્પસ હવે ગુજરાત અને દિલ્હીમાં પણ ઉપલબ્ધ છે. આ સાથે ડૉ. વ્યાસે નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ અને તેમને યુનિવર્સિટીના વિવિધ વિભાગોથી માહિતગાર કર્યા હતા.

# સરકારની કામગીરીના લીધે કોરોના કેસોમાં સતત ઘટાડો

### ગુજરાતભરમાંથી હજુપણ કોરોનાનો વાયરસ ગયો નથી નાગરિકોએ ડરવાને બદલે સાવચેતી રાખવાની ખુબ જરૂર

ગાંધીનગર, તા. ૩

ઔષધ નિયમન કમિશ્નર શ્રી ડૉ.એચ.જી.કોશિયાએ જણાવ્યું છે કે, રાજય સરકારની અસરકારક પરિણામ લક્ષી કામગરીના પરિણામે રાજ્યમાં કોવિડ-૧૯ના કેસોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે તેમજ કોરોનાની સારવારમાં વપરાતી દવાઓની માંગમાં પણ ધરખમ ઘટાડો થઈ રહ્યો છે. કોશિયાએ ઉમેર્યુ કે,સમગ્ર વિશ્વમાં કોવિડ-૧૯ માર્ચ-૨૦૨૦થી પેન્ડેમિક સ્વરૂપે ફેલાવો થતાં માર્ચ-૨૦૨૦થી મીડ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી કોવિડ-૧૯ના કેસમાં સતત વધારો દેશમાં અને રાજ્યમાં જોવા મળ્યો હતો કોરોનાના સંક્રમણને અટકાવવા માટે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ.જયંતી રવિના માર્ગદર્શન હેઠળ સમય બધ્ધ આયોજનના પરિણામે સંક્રમણ અટકાવવામા સફળતા મળી છે.તેમણે કહ્યુ કે, કોવિડ-૧૯ની સારવારમાં વપરાતો મેડિકલ ઓકસીજન આઈ.પી.અને રેમડેસીવીર ઈન્જેકશન તથા ફેવિપિરાવીર ટેબલેટ ૨૦૦ મિલીગ્રામ અને ૪૦૦ મિલીગ્રામ ની માંગમાં અને વપરાશમાં સતત વધારો જોવા મળેલ હતો.

ઓક્ટોબર ૨૦૨૦થી કોવિડ-૧૯ના નવા તથા એકટીવ કેસની સંખ્યામાં પણ ઉત્તરોત્તર ઘટાડો થતાં કોવિડ-૧૯ની સારવાર માટે લાઈફ સેવિંગ એવા, મેડિકલ ઓક્સિજનની માંગ અને વપરાશ જે સપ્ટેમ્બર-૨૦૨૦માં ૨૪૦ મેટ્રિક ટન પર ડે હતી તે ઓક્ટોબર અંતમાં ઘટીને ૧૩૫ મેટ્રીક ટન પર ડે એટલે કે પ્રતિ દિન વપરાશમાં ૧૦૦ મેટ્રિક ટનનો ઘટાડો જોવા મળેલ છે તે જ રીતે મોડરેટ અને સીવીયર કોવિડ-૧૯ દર્દીની સારવાર માટે જરૂરી એવા રેમડેસીવીર ઈન્જેકશન જે સપ્ટેમ્બર માસમાં ૧ લાખ ૮૦ હજાર હતો તેનો ઓકટોબરમાં વપરાશ ફકત ૮૩ હજાર ઈન્જેકશનનો (ઓપન માર્કેટમાં) તથા રાજય સરકારની હોસ્પિટલોમાં ૪૦ હજારનો વપરાશ હતો તે ઘટીને ૩૦ હજાર ઈન્જેકશન જેટલો થયોવછે. કોશિયા એ કહ્યુ કે,કોવિડ-૧૯ના માઈલ્ડ કેસમાં સારવાર માટે વપરાતી ફેવીપિરાવિર ટેબલેટ ૨૦૦ મિલીગ્રામ જે સપ્ટેમ્બરમાં ૨૬ લાખ ટેબલેટનો વપરાશ હતો તે ઓક્ટોબરમાં ઘટીને ૪ લાખ જેટલો નીચે આવ્યો છે. તે જ રીતે ફેવિપિરાવિર ૪૦૦ મિલીગ્રામ ટેબલેટ જે સપ્ટેમ્બરમાં ૬ લાખ જેટલી ટેબલેટનો વપરાશ હતો તે ઘટીને ૨.૮ લાખ સુધી નીચે આવ્યોછે. આમ, રાજયમાં કોરોનાના કેસ ઘટી રહયા છે અન સાથે સાથે તેની સારવારમાં ઉપયોગી એવા મેડિકલ ઓક્સિજન, રેમડેસીવીર ઈન્જેકશન અને ફેવિપિરાવિર ટેબલેટની માંગ અને વપરાશમાં મોટો ઘટાડો જોવા મળેલ છે. જે રાજય માટે રાહતના સમાચાર છે.

# નૃત્યકલા-ટેલીવિઝન ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન માટે ભૈરવી કોશિયાને ડૉ. કલામ સ્મૃતિ એક્સેલન્સ એવોર્ડ

### નવી દિલ્હી ખાતે ડો. કલામ સ્મૃતિ એક્સેલન્સ એવોર્ડ -૨૦૨૦ સમારંભ યોજાયો : દેશ-વિદેશમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરીને ભારતીય સંસ્કૃતિના પ્રચાર અને પ્રસારમાં ભૈરવી કોશિયાનું મહત્વનું યોગદાન

ગાંધીનગર, તા.૩

તાજેતરમાં નવી દિલ્હી ખાતે જે.પી. હોટલ એન્ડ રીસોર્ટમાં ડૉ. કલામ સ્મૃતિ એક્સેલન્સ એવોર્ડ-૨૦૨૦ એવોર્ડ સમારંભ યોજાયો હતો. પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામની યાદમાં આ એવોર્ડ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશભરમાંથી ૨૫ જેટલી વ્યક્તિઓને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે . જેમાં જેમાં જુદા જુદા રાજ્યો જેવા કે દિલ્હી, હરિયાણા, યુપી, મહારાષ્ટ્ર, કર્ણાટક, આસામ, ગુજરાત, રાજસ્થાન વગેરેમાંથી એવોર્ડિઝ આવ્યા હતા. જેમાં આર્ટ અને કલ્ચર તથા મીડિયા ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર ગુજરાતના ભૈરવી હેમંત કોશિયાનો સમાવેશ થયો છે અને તેમનું ડૉ. કલામ સ્મૃતિ એક્સેલન્સ એવોર્ડથી સન્માન કરવામાં આવ્યુ હતું.

ડૉ. કલામ સ્મૃતિ એક્સેલન્સ એવોર્ડનું સન્માન કલા, નૃત્ય, પત્રકારત્વ, અભિનય, શિક્ષણ, રમતગમત સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર વ્યક્તિઓને અપાય છે.




આ એવોર્ડનું આયોજન ફેસ ગ્રુપ અને ભારત સરકારનાં ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી મંત્રાલય દ્વારા કરવામાં આવ્યુ હતું જેમાં ગુજરાતના ભૈરવી હેમંત કોશિયાના ચાર દાયકાના નૃત્ય-કલા અને ૩ દાયકાના ટેલીવિઝન - ફીચર ફિલ્મ ક્ષેત્રના યોગદાનને ધ્યાનમાં લઈને કલા અને સંસ્કૃતિ તથા મિડીયા ક્ષેત્ર કેટેગરી અંતર્ગત સન્માનીત કરવામાં આવ્યા છે. ભૈરવી હેમંત કોશિયા અમદાવાદ ખાતે છેલ્લા ચાર દાયકાથી નૃતિ સ્કુલ ઓફ કલાસીકલ ડાન્સીસ એન્ડ પરફોર્મીંગ આર્ટસ દ્વારા બાળકોને ભરતનાટ્યમ, કુચીપુડી તથા લોકનૃત્યોની તાલીમ આપે છે. એટલુ જ નહિ તેમના ગૃપ દ્વારા દેશ-વિદેશમાં અનેક કાર્યક્રમો કરવામાં આવ્યા છે. અમેરીકા, યુરોપ, સિંગાપોર, મલેશીયા, ઈન્ડોનેશીયા સહિતના દેશોમાં પણ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરીને ભારતીય સંસ્કૃતિના પ્રચાર અને પ્રસારમાં તેમણે ખુબ જ મહત્વપૂર્ણ યોગદાન આપ્યુ છે. રાજ્ય સરકાર દ્વારા અગાઉ તેમને નૃત્ય ક્ષેત્રનો ગૈરવ પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો છે. આ સમગ્ર બાબત કલા જગત તેમજ ગુજરાત માટે ગૌરવપૂર્ણ છે.

આ કાર્યક્રમમાં ફેસ ગ્રુપના અધ્યક્ષ ડો.મુસ્તાક અન્સારી, મુખ્ય અતિથિ તરીકે દિલ્હી લઘુમતી પંચના અધ્યક્ષ ઝાકીર ખાન , ભારતીય સૈન્યના કર્નલ એચ.એસ. એટ્રી, ધારાસભ્ય એસ.કે. બગ્ગા, એડવોકેટ, મિસીસ યુનિવર્સ વેસ્ટ એશિયા તેમજ દિલ્હી ભાજપ કલ્ચર સેલના પ્રમુખ રૂબી ફોગાટ યાદવે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતાં.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**

**નિવિદા નંબર : ૦૬, સને ૨૦૨૦-૨૧**

**ટેન્ડર આઈડી નં. ૪૩૩૭૪૪**

**ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી "Procurement and Supply of Multiple Water Quality Field Testing Kits (MWQFTKs)" અંદાજીત કિંમત રૂ. ૩૦૭.૪૨ લાખ માટે ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ ૨૩/૧૧/૨૦૨૦ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકારી રહેશે.

માહિતી/૧૨૧૩/૨૦-૨૧

**જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૨૦-૨૧**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૩, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં. 'એ' પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૧-૭૨) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના ૧ (એક) કામના ટેન્ડર જેની અંદાજીત રકમ રૂ. ૩૩૧૧૩.૬૦ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાનો ધરાવતા ઠેકેદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૭/૧૧/૨૦૨૦ (સમય ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજી. પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તારીખ ૧૨/૧૧/૨૦૨૦ કચેરી સમય સુધી છે. આ કામની વિગતવાર નોટીન પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

જો સરકારશ્રી દ્વારા આકસ્મિક રજા જાહેર થાય તો ટેન્ડર આપવાની તથા પરત મેળવવા અંગેની તારીખો જાહેર રજાના પછીના કચેરીના કામકાજના દિવસની ગણતરીમાં લેવામાં આવશે.

માહિતી/૧૨૦૭/૨૦-૨૧

